ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગર લોકસભાના ઈન્ચાર્જ હર્ષદભાઈ પટેલની ઉપસ્થિતિમાં શહેર ભાજપની મહત્વની બેઠક મળી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના મતક્ષેત્ર ગાંધીનગર લોકસભાના ઈન્ચાર્જ અને સાબરમતી વિધાનસભાના ધારાસભ્ય હર્ષદભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો અને ચૂંટાયેલા સભ્યોની બેઠક યોજાઈ હતી જેમાં શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ બેઠકમાં વિસ્તારના વિકાસ કાર્યો અંગે તેમજ સંગઠનાત્મક વિષયો અંગે ઉપસ્થિત સૌને માર્ગદર્શન આપવામા આવ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા 'બાળકોના સર્વાંગી વિકાસ' માટે ICSSR પ્રાયોજિત રાષ્ટ્રીય સેમિનાર ૨૩-૨૪ ડિસે.ના રોજ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ પ્રાયોજિત **'Holistic Child Development in Early Years : Concerns, Challenges and Pathways'** વિષય અંગે રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં છે. ૨૩ અને ૨૪ ડિસેમ્બરના રોજ, ગાંધીનગરના સેક્ટર ૧૫ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન યુનિવર્સિટીના કોન્ફરન્સ હોલમાં આયોજિત આ રાષ્ટ્રીય સેમિનારમાં પ્રારંભિક બાળ શિક્ષણ અને બાળ વિકાસ ઉપર દેશભરના તજ્ઞ્ઞો મનોમંથન કરશે. સમગ્ર નેશનલ સેમિનાર અંગે જાણકારી આપતાં સંયોજક ડૉ. મીનલબા જાડેજાએ જણાવ્યું હતું કે, પ્રથમ દિવસે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં સેમિનારનું ઉદ્ઘાટન કરવામાં આવશે. અતિથિ વિશેષ એવાં એસએનડીટી વુમન્સ યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર શશિકલા વણઝારી બીજ વક્તવ્ય આપશે.

વનચેતના કેન્દ્ર બોરીજ દ્વારા

બીબીએ કોલેજના એનએસએસ યુનિટ માટે ત્રિદિવસીય પ્રકૃતિ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બીબીએ કૉલેજના એનએસએસના સ્વયંસેવકો માટે ઉપરોક્ત ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ત્રણે વર્ષના કુલ ૧૦૦ સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નાયબ વનસંરક્ષક વિભાબેન દ્વારા વિદ્યાર્થીઓને શિબિર બાબતે ઉત્કૃષ્ટ માહિતી આપી વિદ્યાર્થીઓને જીવનમાં પ્રકૃતિનું મહત્વ તેમજ તેમાંથી જીવનપયોગી બાબતો ગ્રહણ કરવા સૂચવ્યું હતું. તેમજ કરણસિંહ વાઘેલાનો પણ સહકાર સાંપડ્યો હતો. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને પ્રકૃતિની માવજત બાબતે વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો. ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને શિબિર બાબતે માર્ગદર્શન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કોલેજ તેના સ્થાપના કાળથી વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃતિ માટે હમેશા અગ્રેસર રહી છે. વિદ્યાર્થીઓ પ્રકૃતિ જાળવણી થકી પર્યાવરણની જાળવણી માટે સજ્ઞ બને તે ઉદેશ્યથી સમગ્ર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સંપૂર્ણ શિબિરનું સંકલન કરવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓને એનએસએસના માધ્યમથી વ્યક્તિત્વવિકાસ અને ચરિત્ર નિર્માણ બાબતે યુવાનોના ઘડતર માટેનું શ્રેષ્ઠ માધ્યમ હોવાનું જણાવ્યુ હતું અને રાષ્ટ્રનિર્માણ માટેના પાયાનું કાર્ય એનએસએસ થકી થઈ શકે તે બાબત પર ભાર મૂક્યો હતો.

બજારોમાં શાકભાજી સસ્તા થતાં ગૃહિણીઓ ખુશખુશાલ

શિયાળાની ઠંડીમાં લોકોને ઉંધીયુ-ઓળાનો સ્વાદ માણવાની મોજ પડી ગઈ છે

ગાંધીનગરમાં શાક માર્કેટમાં તાજા, લીલા અને સસ્તા શાકભાજીની ધુમ આવક થતા શિયાળાની ફુલ ગુલાબી ઠંડીમાં લોકોને ઉંધીયુ-ઓળાની મજા માણવાની મોજ પડી ગઈ છે. શાકભાજી સસ્તા મળતા હોવાથી ગૃહિણીઓ પણ ખુશખુશાલ જોવા મળી રહી છે.

ડિસેમ્બરની આ ફુલગુલાબી ઠંડી વચ્ચે શહેરોના શાક માર્કેટમાં વિવિધ જાતનાં શિયાળુ શાકભાજીની ધુમ આવક થઈ રહી છે. આ લીલા અને તાજા શાકભાજી શિયાળામાં તંદુરસ્તી વધારવા, શરીરને સ્ફુર્તીલુ બનાવવા ખુબ જ ઉપયોગી થતા હોય છે.

હાલમાં છુટક બજારમાં લીલી મેથી, કોબીજ, ફુલાવર, લીલા વટાણા, વાલોળ, સુરતી ટીંડોળા, લીલી તુવેર, શિયાળુ રીંગણા, લીલા ચણા, લીલીછમ્મ પાલક, ગાજર, વઢવાણી મરચા, દેશી ટામેટા, લીલી ડુંગળી, લીલુ લસણ, લીલી હળદર, બીટ સહીતની વિવિધ પ્રકારની શાકભાજી મળી રહી છે. જે ખાવાથી શિયાળામાં હુંફ મળે છે, શારીરીક તંદુરસ્તીમાં ફાયદો થાય છે. શિયાળાની આ સિઝનમાં જુદા જુદા શાકભાજી નાંખીને બનાવવામાં આવતું ઉંધીયુ, લીલા ચણાનું શાક, રીંગણાનો ઓળો વિગેરે ખાવાની મજા પડી જતી હોય છે. હાલમાં બજારમાં લીલી મેથી રૂા.૩૦ થી ૪૦ની કિલો, કોબીજ રૂા.૧૦ થી ૨૦, ફુલાવર રૂા.૨૦ થી ૩૦, વઢવાણી મરચા રૂા.૫૦ થી ૬૦, લીલા વટાણા રૂા.૪૦ થી ૬૦, વાલોળ રૂા.૫૦ થી ૭૦, સુરતી ટીંડોળા રૂા.૪૦ થી ૭૦, લીલા તુવેર ૩૦ થી ૫૦, રીંગણ રૂા.૨૦ થી ૩૦, ઓળાના રીંગણા રૂા.૩૦ થી ૪૦, લીલા ચણા રૂા.૫૦ થી ૧૦૦, પાલક રૂા.૨૦ થી ૩૦, દેશી ગાજર રૂા.૩૦ થી ૫૦, દેશી ટામેટા રૂા.૨૦ થી ૩૦, લીલી ડુંગળી રૂા.૩૦ થી ૪૦, લીલુ લસણ રૂા.૬૦ થી ૧૦૦ કિલોના ભાવે વેચાઈ રહ્યું છે.

લીલા તાજા અને સસ્તા શાકભાજી મળતા હોવાથી ગૃહિણીઓ ખુશખુશાલ છે. રસોડામાં દરરોજ નીતનવી વાનગી બની રહી છે.

રાત્રિ ખાણી પીણી બજારમાં પણ લીલા ચણાનું શાક, રીંગણનો ઓળો, બાજરીનાં રોટલા, લીલી હળદરનું શાક, વિગેરેની માંગ વધી છે અને આ દેશી ખાણાની બજાર પણ ધમધમી રહી છે.

ખાસ કરીને મોટાભાગનાં ઘરોમાં હાલ શિયાળુ શાકભાજીનો સારો એવો ઉપયોગ થઈ રહ્યો છે જોકે અમુક શાકભાજી મોંઘા પણ છે પરંતુ મોટાભાગનાં શાકભાજી સસ્તા થતા ગૃહિણીઓમાં રાહત જોવા મળી રહી છે.

સેક્ટર-૫ ખોડીયાર મંદિર ખાતે આઈશ્રી સોનલમાંનો ૯૯મો જન્મદિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૨

સેકટર-૫માં આવેલા આઈશ્રી ખોડીયાર મંદિરે તા.૨૫ ડીસેમ્બરને રવિવાર પોષ સુદ-૨ના દિવસે ચારણ જગદંબા આઈશ્રી સોનલમાંની ૯૯મી જન્મ જયંતિ ધામધુમથી ઉજવવાનું આયોજન આઈશ્રી ખોડીયાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે. માતાજીના જન્મ દિવસે સવારે ૬ કલાકે મંગળાઆરતી, ૯.૩૦ કલાકે ચંડી યજ્ઞ પ્રારંભ, ૧૦ કલાકે નૈવેદ્ય તથા ધ્વજારોહણ, ૧૦.૩૦ કલાકે દેવીયાણ પાઠ, સાંજે ૩.૩૦ કલાકે શ્રીફળ હોમાશે, સાંજે ચાર કલાકે શોભાયાત્રા નીકળશે, ૬.૩૦ કલાકે મહાઆરતી તથા સાંજે સાત કલાકે ભોજન-પ્રસાદ, રાત્રે નવ કલાકે ભીખુદાન ગઢવી અને સાથીદારો લોકડાયરાની રંગત જમાવશે. આ તમામ ધાર્મિક કાર્યક્રમો તેમજ આઈશ્રી સોનલમાંના તમામ ઉપાસકોને દર્શનનો લાભ લેવા માટે ખોડીયાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે.

ગુજકોસ્ટના ઉપક્રમે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય ગણિત વિજ્ઞાન દિવસની ઉજવણી

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,ગાંધીનગર દ્વારા નિસર્ગ સાયન્સ સેન્ટરને ગાંધીનગર જિલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્રની માન્યતા આપવામાં આવી છે સાયન્સ સેન્ટર દ્વારા વિજ્ઞાન લક્ષી વિવિધ પ્રવૃત્તિનું આયોજન સમગ્ર વર્ષ દરમિયાન કરવામાં આવે છે. આ અંતર્ગત રાષ્ટ્રીય ગણિત વિજ્ઞાન દિવસની ઉજવણી શારદા વિદ્યાલય, સેક્ટર-૨૫, ગાંધીનગર ખાતે ખાતે કરવામાં આવી જેના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે વર્કશોપ તથા ક્વિઝ અને મેથ્સ પઝલનું આયોજન કરવામાં આવ્યું હતું નિસર્ગ સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર ડૉ. અનિલ કે પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ગણિત જેવા અઘરા વિષયને સરળતાથી સમજી શકાય તે માટે વ્યવહારિક ઉદાહરણો દ્વારા વિગતવાર સમજૂતી આપવામાં આવી ઉપરાંત પાયથાગોરસ પ્રમેય અને ગણિતમાં આવતા અઘરા વિસ્તરણના સુત્રોની મોડેલ દ્વારા પ્રેકટીકલ સમજુતી આપી હતી. શિવાંગ પટેલ સંયોજક નિસર્ગ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા Screening of the Movie-"Journey of Ramanujan ફિલ્મ વિદ્યાર્થીઓને બતાવામાં આવી જેમાં રામાનુજનના જીવન પરિચયનો ખ્યાલ અને તેમના કરેલા સંશોધનોથી વિદ્યાર્થીઓ વાકેફ થયા હતા. આ ફિલ્મ આધારિત એક ક્વિઝ પણ વિદ્યાર્થીઓને હાર્દિક ભટ્ટ સંયોજક નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રમાડવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય અને સ્ટાફે પૂરેપૂરો સહયોગ આપ્યો હતો

સરસ્વતી વિદ્યાલયના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૨૨

અમદાવાદ આઈએમએમ ખાતે યોજાયેલા એવોર્ડ ફંકશનમાં પ્રિન્સિપાલ ટીચર મીટ-૨૦૨૨માં સેકટર-૬ સ્થિત સરસ્વતી વિદ્યાલયના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારને શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય

માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પૂર્વે પણ તેમણે યુએનઓ-૨૦૦૫ ઈન્ટરનેશનલ એવોર્ડ ફોર એજ્યુકેશનલ ડેવલપમેન્ટ પ્રાપ્ત કરેલ છે. અવંતિકા સરલા ચોપરા મેમોરિયલ તેમજ ભારત વિકાસ પરિષદ દ્વારા ચાલતા ઓનએર કાર્યક્રમમાં ગુજરાતના વિદ્યાર્થીઓને ગણિત વિષયના તજ્ઞ્ઞ તરીકે સેવા આપેલી છે છેલ્લા ત્રીસ વર્ષથી ગણિત વિષયમાં વિદ્યાર્થીઓને અપગ્રેડ કરવા સતત માર્ગદર્શન આપી રહયા છે.

જન્મદિને વધામણી

મીનાક્ષી જયસિંઘાની
લાયોનેસ ક્લબ

પ્રિયાંક ઠક્કર
મો. ૯૪૨૯૬ ૧૯૫૨૧

યોગેશ
દિનેશભાઈ પરમાર

શશીકાંત મણીલાલ જોષી

કુ. નિહારીકા ચિરાગ જોષી

કૌશલ પરમાર

પટેલ નિલય

ચૌધરી વેદ

હર્ષિવ હાર્દિકકુમાર ભટ્ટ

ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

● સ્વ.જોગીયા ઓઘવજીભાઈ દેવજીભાઈ ઉ.વ.૭૫, કુડાસણ

જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં રમતોત્સવ ઉજવાયો

અભ્યાસની સાથેસાથે બાળકો ખેલદીલી દાખવે અને અન્ય સહ અભ્યાસી પ્રવૃતિઓમાં રસ લઈ સર્વાંગી વિકાસ થાય તે હેતુથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં સંસ્થાના આદ્યસ્થાપક દાસકાકા શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યા નીવાબેન પટેલ તથા સુપરવાઈઝરઓએ કેમ્પસમાં સ્થાપિત દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી રમતોત્સવ ખુલ્લો મુકયો હતો. આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ બે માટે ભણતરનો ભાર ભુલી મુકત મને પરેડ, ડમબેલ્સ દાવ નિદર્શન કરી પોતાના કોશલ્યો ખીલવ્યા હતા. રમતોત્સવની દોડ, જંપ દોડ, ગોળાફેંક, સંગીતખુરશી વગેરે સ્પર્ધાઓમાં ૭૪૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને કૌશલ્યો ખીલવી સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા આચાર્ય દ્વારા અપાઈ હતી.

આર.એન.પટેલ પ્રાથમિક શાળામાં બાલોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળામાં ફુલગુલાબી ઠંડીની મોસમમાં 'બાલોત્સવ'ની રંગારંગ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧ થી ૮ના કુલ ૧૨૦ વિદ્યાર્થીઓએ એકપાત્રીય અભિનય, ડાન્સ, ગીતસ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા જેવી સ્પર્ધાઓમાં નાના ભૂલકાઓથી લઈને મોટા બાળકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને સ્ટેજ આપવાની તક ઉભી કરવાના હેતુથી આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. ભાગ લીધેલ બાળકોએ પોતાની પસંદગીની કૃતિઓ પ્રસ્તુત કરી શાળાના દર્શક બાળકોને રોમાંચિત કરી દીધા હતા. પરંપરાગત અને આધુનિક વસ્ત્ર પરિધાન કરી ડાન્સ અને એકપાત્રિય અભિનય પ્રસ્તુત કર્યા હતા. ગીત સ્પર્ધામાં બાળકોએ પોતાના કંઠમાં ગીતો રજૂ કર્યા હતા. વકૃત્વ સ્પર્ધામાં પણ બાળકોએ 'મારા સ્વપ્નનું ભારત' એ વિષયપર ખૂબ જ સુંદર રીતે પોતાના વિચારો રજૂ કર્યા હતા. શાળાના સમગ્ર શિક્ષકોએ પણ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બાળકોને ઉત્સાહભેર ભાગ લેવા માટે પ્રેરિત કર્યા હતા.

શાળાના સુપરવાઈઝર વીણાબેન પટેલ તથા શિક્ષિકા નીતાબેન પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું અને ખૂબ જ હર્ષોલ્લાસ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.